# 4

# આમનોંધ

## વિભાગ A

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** નામાનો મૂળભૂત - પાયાનો કે પ્રથમ ચોપડો કયો છે ? [ ]

(a) ખાતાવહી (b) આમનોંધ (c) રોકડમેળ (d) કાચું સરવૈયું

**2.** આવકવેરા રિફંડની રકમ કયા ખાતે જમા થશે ? [ ]

(a) ઉપાડ ખાતે (b) આવકવેરા ખાતે (c) બૅન્ક ખાતે (d) મૂડી ખાતે

**3.** દુકાનમાંથી ચોરાઈ ગયેલ માલમાંથી પોલીસ તપાસમાં ₹ 300નો માલ પરત મળી આવ્યો. કયા ખાતામાં જમા થશે ? [ ]

(a) પરતમાલ ખાતું (b) ચોરીથી ગયેલ માલ ખાતું

(c) ખરીદ ખાતું (d) ચોરીથી થયેલ નુકસાનનું ખાતું

**4.** ₹ 1000નો માલ નમૂના તરીકે મળ્યો. કેવો વ્યવહાર છે ? [ ]

(a) ઉધાર (b) રોકડ (c) આર્થિક (d) બિનઆર્થિક

**5.** ધંધા માટે ખર્ચ છે. [ ]

(a) ડિવિડન્ડ (b) ઘાલખાધ પરત (c) ઘાલખાધ (d) પગાર

**6.** ઘાઘરેટ લિમિટેડ કંપનીના શૅર ખરીદતા ₹ 200 ચેકથી ચૂકવ્યા. કયા ખાતે ઉધાર થશે. [ ]

(a) શૅરરોકાણ ખાતે (b) બૅન્ક ખાતે (c) દલાલી ખાતે (d) રોકડ ખાતે

**7.** બૅન્કે વ્યાજના ₹ 100 આપણા બૅન્ક ખાતામાં જમા કર્યા. આમનોંધમાં કયા ખાતે નોંધ થશે. [ ]

(a) વ્યાજ ખાતે ઉધાર (b) બૅન્ક ખાતે ઉધાર

(c) બૅન્ક ખાતે જમા (d) નોંધ થશે નહિ.

**8.** ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે રિશિતા પાસેથી ખરીદ્યો. ખરીદ ખાતે કેટલી રકમ ઉધાર થશે. [ ]

(a) ₹ 9000 (b) ₹ 8550 (c) ₹ 10,000 (d) ₹ 9500

**9.** ₹ 1000નો માલ 10 % વેપારી વટાવે ખરીદી તેમાંથી અડધો માલ વેચાણકિંમત પર 10 % નફો મળે તે રીતે અંકિતાને વેચ્યો. વેચાણ ખાતે કેટલી રકમથી નોંધ થશે ? [ ]

(a) ₹ 11,000 (b) ₹ 495 (c) ₹ 9900 (d) ₹ 500

**10.** જીવન વીમા-પ્રીમિયમના ₹ 500 ચેકની ચૂકવ્યા. કયા ખાતે જમા થશે ? [ ]

(a) ઉપાડ ખાતે (b) જીવન વીમા-પ્રીમિયમ ખાતે

(c) બૅન્ક ખાતે (d) રોકડ ખાતે

**11.** બૅન્કસિલક પરના વ્યાજથી કઈ સિલક પર શું અસર થશે ? [ ]

(a) રોકડ સિલક વધે. (b) રોકડ સિલક ઘટે.

(c) બૅન્કસિલક ઘટે. (d) બૅન્કસિલક વધે.

**12.** ₹ 6000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે શ્રેયા પાસેથી રોકડેથી ખરીદ્યો. આમનોંધમાં વટાવ ખાતે કેટલી રકમની નોંધ થશે ? [ ]

(a) ₹ 300 (b) ₹ 270 (c) શૂન્ય (d) ₹ 600

**13.** ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે કેવલ પાસેથી ખરીદી 50 % રકમ ચેકથી ચૂકવી. બૅન્ક ખાતે કેટલી રકમ જમા થશે ? [ ]

(a) ₹ 250 (b) ₹ 500 (c) ₹ 112.50 (d) ₹ 2137.50

**14.** જિંદગીનું વીમા-પ્રીમિયમ એ કયા ખાતે ઉધાર થાય ? [ ]

(a) મૂડી ખાતે (b) ઉપાડ ખાતે

(c) જીવન વીમા-પ્રીમિયમ ખાતે (d) રોકડ ખાતે

**15.** ફર્નિચર ખરીદ્યું. તેને લાવવાનો અને ગોઠવવાનો ખર્ચ કયા ખાતે ઉધાર થાય છે ? [ ]

(a) ગોઠવણી-ખર્ચ ખાતે (b) ફર્નિચર ખાતે (c) ખરીદ ખાતે (d) રોકડ ખાતે

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

**1.** બાબત જે (બા.જે.) એટલે શું ?

**2.** સંયુક્ત આમનોંધ એટલે શું ?

**3.** વટાવના પ્રકાર જણાવો.

**4.** બૅન્ક-ચાર્જિસ એટલે શું ?

**5.** રોકડ વટાવ શા માટે આપવામાં આવે છે ?

6. કયા વટાવની હિસાબી ચોપડે નોંધ થતી નથી ?

7. કયો વટાવ ફક્ત રોકડ વ્યવહારમાં જ મળે છે ?

8. કસર એટલે શું ?

9. કાચી નોંધનો ઉપયોગ જણાવો.

10. માતૃશ્રીના શ્રાદ્ધ-પ્રસંગે ધર્માદામાં આપેલ માલ કયા ખાતે ઉધારાય છે ? શા માટે ?

11. કયા પ્રકારના વ્યવહારમાં ઘાલખાધનું જોખમ રહેલું છે.

12. વેચેલો માલ પરત આવે ત્યારે કયા ખાતે ઉધાર થાય છે ?

13. આમનોંધમાં ખરીદ ખાતે જમા થાય તેવા બે વ્યવહાર લખો.

14. યંત્ર ખરીદતા તેને ગોઠવવાની ચૂકવેલ મજૂરી કયા ખાતે ઉધાર થશે ? શા માટે ?

15. આમનોંધમાં ઉપાડ ખાતે ઉધાર થાય તેવા બે વ્યવહાર લખો.

## વિભાગ C

(3 ગુણ)

**(1) શ્રી આર. કે. ટ્રેડર્સના નીચેના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

જાન્યુ. 1 ₹ 10,000 રોકડા, ₹ 20,000નું મકાન અને ₹ 5000ના દેવાદારો લાવી ધંધો શરૂ કર્યો.

5 ₹ 10,000 નો માલ ખરીદ્યો.

7 ₹ 5000નો માલ વેચ્યો.

**(2) નીચેના વ્યવહારો પરથી કેવલના ચોપડે આમનોંધ લખો :**

2018

ફેબ્રુ. 1 ₹ 15,000નો માલ ભગત પાસેથી 10 % વેપારી વટાવે ખરીદ્યો.

12 ₹ 8000નો માલ મગનને 10 % વેપારી વટાવે વેચ્યો.

13 ₹ 1000 પગારના ક્લાર્ક ઘનશ્યામને ચૂકવ્યા.

**(3) નીચેના વ્યવહારો પરથી સતિષના ચોપડે આમનોંધ લખો :**

2018

માર્ચ 1 ₹ 60,000 રોકડા અને ₹ 40,000ની અવનીની લોનથી ધંધો શરૂ કર્યો.

7 ₹ 2000 જીવન વીમા-પ્રીમિયમના ચેકથી ચૂકવ્યા.

9 ₹ 500 વ્યાજના શૈલેષ પાસેથી મળ્યા.

**(4) નીચેના વ્યવહારો પરથી શૈલેષના ચોપડે આમનોંધ લખો :**

2018

એપ્રિલ 1 ₹ 50,000નું યંત્ર ખરીદી ગોઠવવાના ₹ 5000 ચૂકવ્યા.

7 ₹ 2000નો માલ નમૂના તરીકે વહેંચ્યો.

15 વેદ પાસે ₹ 4000 લેણાં હતા તે નાદાર જાહેર થતા 50 % રકમ અંતિમ હપતા તરીકે ચેકથી મળી.

**(5) મનસુખ ટ્રેડર્સના નીચેના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

મે 7 ₹ 8000નો માલ આગમાં નાશ પામ્યો. વીમાકંપનીએ 80 % રકમનો દાવો મંજૂર કર્યો.

11 વીમાકંપનીએ દાવાની રકમનો ચેક આપ્યો.

22 આગમાં બળી ગયેલ માલ વેચતા ₹ 500 ઊપજ્યા.

**(6) રાજકોટ ઑઈલ ડેપોના નીચેના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

જૂન 1 ₹ 1000નો માલ રેલરાહત ફંડમાં આપ્યો.

8 ₹ 4000નું ફર્નિચર ખરીદ્યું. બદલામાં ₹ 3500નો માલ આપ્યો.

10 ₹ 400નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા.

**(7) જય અંબે ટૂલ્સના નીચેના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

જુલાઈ 1 જીવન વીમા-પ્રીમિયમના ₹ 1000 જ્યારે આગના વીમા-પ્રીમિયમના ₹ 1500 ચેકથી ચૂકવ્યા.

8 બૅન્કે ₹ 40,000નો ઓવરડ્રાફ્ટ મંજૂર કર્યો.

15 નિરમા લિમિટેડના ₹ 10નો એક એવા 2000 શૅર ખરીદ્યા. દલાલી શૅર દીઠ ₹ 1 સહિતની રકમ ચેકથી ચૂકવી.

20 મહેશ પાસેથી 5 % રોકડ વટાવ કાપી ₹ 1900 નો ચેક મળ્યો.

## વિભાગ C

(4 ગુણ)

**(1) નીચે આપેલા વ્યવહારો પરથી અરવિંદના ચોપડે આમનોંધ લખો :**

2018

જાન્યુ. 1 જીલ પાસેથી ₹ 6000નો માલ ખરીદ્યો.

7 ₹ 20,000નો માલ હિમાનીને વેચ્યો.

17 હિમાનીએ ₹ 1000નો માલ પરત કર્યો.

25 ₹ 5000નો માલ વેચ્યો.

(2) **નીચે આપેલા વ્યવહારો પરથી રાકેશ ટ્રેડર્સના ચોપડે આમનોંધ લખો :**

2018

ફેબ્રુ. 5 ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે આર્યન પાસેથી ખરીદ્યો.

11 આર્યન પાસેથી ખરીદેલ માલનો 50 % માલ વેચાણકિંમત પર 10 % નફો મળી રહે તે રીતે પન્નાને વેચ્યો.

18 પન્નાએ ₹ 1500નો માલ પરત કર્યો. જે આપણે તરત જ આર્યનને પરત કર્યો.

**(3) નીચે આપેલા વ્યવહારો પરથી 'V' માર્ટના ચોપડે આમનોંધ લખો :**

2018

માર્ચ 1 ₹ 90,000ની મશીનરી ચેકથી ખરીદી તેને ગોઠવવાના ₹ 10,000 રોકડા ચૂકવ્યા.

9 ₹ 7000નું જૂનું મશીન વિમલેશને ₹ 10,000માં વેચ્યું.

25 ત્રાજવાં અને વજનિયાં દુકાન માટે ₹ 4500માં ખરીદ્યાં.

30 દુકાન માટે ₹ 1500ની એક એવી બે ખુરશી ખરીદી.

**(4) અવધૂત કિરાણાના નીચેના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

મે 1 ₹ 50,000નો માલ 20 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે શ્રવણ પાસેથી ખરીદ્યો.

20 શ્રવણ પાસેથી ખરીદેલ માલમાંથી 25 % માલ મૂળ કિંમતના 25 % નફો ચડાવી યશને વેચ્યો.

25 યશે ₹ 5000નો માલ પરત કર્યો, જે આપણે તરત જ શ્રવણને પરત કર્યો.

**(5) નીચેના વ્યવહારો પરથી ગોપી ટ્રેડર્સના ચોપડે આમનોંધ લખો :**

2018

જૂન 1 ₹ 35,000ની અપેક્ષા પાસેથી લોન લીધી.

8 બૅન્ક, બૅન્ક-ચાર્જિસના ₹ 150 ઉધારેલ છે. જ્યારે વ્યાજના ₹ 250 જમા કરેલ છે.

12 જાનવી નાદાર જાહેર થતાં તેની પાસેથી લેવાના ₹ 10,000 પૈકી અંતિમ હપતા તરીકે 40 % રકમ ચેકથી મળી.

18 ₹ 60,000નો માલ ચેતન પાસેથી ખરીદી 50 % રકમ NEFT થી ચૂકવી. NEFT ચાર્જના ₹ 5 થયા.

**(6) નીચેના વ્યવહારોની જીલના ચોપડે આમનોંધ લખો :**

2018

જુલાઈ 1 ફેનિલ પાસેથી ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ચેકથી ખરીદ્યો.

6 માતૃશ્રી કાશીબાના શ્રાદ્ધ-પ્રસંગે ધર્માદામાં ₹ 300નો માલ આપ્યો.

11 ₹ 10,000નો માલ આગથી બળી ગયો. વીમાકંપનીએ 70 % રકમનો દાવો મંજૂર કરી, રકમ NEFT થી આપણા ખાતામાં જમા આપી.

17 ₹ 20,000નો માલ રાહુલને 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે વેચ્યો. અડધાં નાણાં ચેકથી મળ્યાં.

**(7) નીચેના વ્યવહારોની પારૂલના ચોપડે આમનોંધ લખો :**

2018

ડિસે. 1 ₹ 40,000 બૅન્કમાં ભર્યા.

6 ₹ 5000 ઑફિસ-ખર્ચ માટે જ્યારે ₹ 3000 ઘર-ખર્ચ માટે બૅન્કમાંથી ઉપાડ્યા.

12 ક્લાર્ક વર્ષાની ₹ 7000ની લોન મંજૂર કરી.

15 ₹ 50,000નું યંત્ર ચેકથી ભારત કંપનીમાંથી ખરીદ્યું. ગોઠવવાની મજૂરીના ₹ 1000 રોકડા ચૂકવ્યા.

18 દુકાન માટે ફાઈલો ₹ 200 ની જ્યારે ચોપડા ₹ 300ના ખરીદ્યા.

## વિભાગ D

**(1) નીચે આપેલા વ્યવહારો પરથી પૂજનના ચોપડે આમનોંધ લખો :**

2018

ફેબ્રુઆરી 1 ₹ 35,000નો માલ ખરીદ્યો.

4 ₹ 15,000નો માલ પ્રાચી પાસેથી ખરીદ્યો.

8 ₹ 12,000નો માલ જીનલને વેચ્યો.

12 ₹ 10,000નો માલ વેચ્યો.

15 ₹ 1000નો માલ જીનલે પરત કર્યો.

19 ₹ 1500નો માલ પ્રાચીને પરત કર્યો.

22 ₹ 1000 ભાડાના ચૂકવ્યા.

25 ₹ 700 કમિશનના મળ્યા.

**(2) નીચે આપેલા વ્યવહારો પરથી સતિષના ચોપડે આમનોંધ લખો :**

2018

જાન્યુઆરી 1 ધંધાના માલિક સતિષે ₹ 80,000 રોકડા, ₹ 20,000નું યંત્ર ₹ 20,000ના દેવાદારો, ₹ 10,000 ના લેણદારો અને ₹ 40,000ની રાજની લોનથી ધંધો શરૂ કર્યો.

4 ધંધામાં વધુ નાણાંની જરૂર પડતા મિત્ર અવિ પાસેથી ₹ 30,000ની લોન લીધી.

6 ₹ 20,000નો માલ કાનન પાસેથી 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યાં.

8 કાનન પાસેથી ખરીદેલ માલમાંથી અડધો માલ વેચાણકિંમત પર 10 % નફો મળી રહે તે રીતે નિત્યાને વેચ્યો.

15 નિત્યાએ ₹ 6000નો માલ પરત કર્યો. જે આપણે તરત જ કાનનને પરત કર્યો.

**(3) ભાવના પટેલે શરૂ કરેલ 'પટેલ સ્ટોર્સ'ના ધંધાના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2018

| | | |
|---|---|---|
| ફેબ્રુઆરી | 1 | ₹ 60,000 રોકડા અને ₹ 60,000ની જયની લોનથી ધંધો શરૂ કર્યો. |
| | 7 | ₹ 8000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. |
| | 10 | ઘર-વપરાશ માટે ₹ 400નો માલ અને ₹ 600 રોકડા ધંધામાંથી લઈ ગયા. |
| | 17 | ક્લાર્ક વિજયને ₹ 1500 પગારના ચૂકવ્યા. |
| | 21 | દુકાનભાડાના ₹ 1200 અને ઘરભાડાના ₹ 800 રોકડા ચૂકવ્યા. |
| | 25 | ₹ 1100નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો. |

**(4) નીચેના વ્યવહારોની આશિષના ચોપડામાં આમનોંધ લખો :**

2018

માર્ચ 1 ₹ 15,000નું જૂનું અંગત ફર્નિચર વેચ્યું, જેના ₹ 12,000 ઊપજ્યા. તેમાંથી ₹ 10,000 ધંધામાં રોક્યા.

5 આવકવેરા રિફંડના ₹ 2000 મળ્યા.

7 ₹ 4000નો માલ આગથી બળી ગયો. વીમાકંપનીએ ₹ 3000નો દાવો મંજૂર કર્યો. જ્યારે બળી ગયેલ માલ વેચતા 400 ઊપજ્યા.

12 ₹ 800 જીવન વીમા-પ્રીમિયમના તેમજ ₹ 700 આગના વીમા-પ્રીમિયમના ચેકથી ચૂકવ્યા.

17 ₹ 350ની સ્ટેશનરી ખરીદી.

20 ₹ 2200 અગાઉ ઘાલખાધ તરીકે માંડી વાળેલ, તેમાંથી ₹ 1000 મળ્યા.

**(5) નીચેના વ્યવહારોની રાકેશ ટ્રેડર્સના ચોપડે આમનોંધ લખો :**

2018

એપ્રિલ 1 ભાવિક પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

3 ભાવિક પાસેથી ખરીદેલ માલ પર 25 % નફો ચડાવીને ગગનને વેચ્યો.

7 ગગને ₹ 15,000નો માલ પરત કર્યો જે આપણે ભાવિકને પરત કર્યો.

15 ₹ 18,000ના શૅર ભેલ કંપનીના ખરીદ્યા. 2 % દલાલી સહિતના ચેકથી ચૂકવ્યા.

25 ₹ 1515 કિરીટ પાસેથી લેવાના હતા. તેમણે ચૂકતે હિસાબે ₹ 1500 ચેકથી ચૂકવ્યા.

**(6) નીચેના વ્યવહારોની અશ્વિનના ચોપડે આમનોંધ લખો :**

2018

મે 1 બૅન્કમાંથી ધંધા માટે ₹ 5000 જ્યારે અંગત વપરાશ માટે ₹ 2000 ઉપાડ્યા.

4 પુત્રની પ્રવાસ-ફીના ₹ 1700 ધંધામાંથી ચૂકવ્યા.

10 ₹ 4500ની પડતર કિંમતનો માલ વેચાણકિંમત પર 10 % નફો લઈ મગનને વેચ્યો.

15 વરસાદથી ₹ 700નો માલ પલળી ગયો, જે વેચતા ₹ 200 ઊપજ્યા.

20 ₹ 5000 પગારના અને ₹ 1000 મજૂરીના ચૂકવ્યા.

25 ₹ 6000નો માલ હનીને 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે વેચ્યો.

30 ₹ 700નો માલ નમૂના તરીકે મફત મળ્યો.

**(7) નીચેના વ્યવહારો પરથી જૂનાગઢના શ્રી જગદીશભાઈના ચોપડે આમનોંધ લખો :**

શ્રી જગદીશભાઈના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. આ વસેક દરની રકમ નીચેના વ્યવહારોમાં સમાયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| **વસેકની વિગત** | **વસ્તુ પર** | **સેવા પર** |
|---|---|---|
| કેન્દ્રિય વસેક : CGST | 6 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 6 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 12 % | 5.0 % |

2019

જૂન 1 નડિયાદના નરેશભાઈ પાસેથી ₹ 80,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

5 બેંગ્લુરુ (કર્ણાટક)ના બકુલભાઈને ₹ 1,00,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

9 નરેશભાઈને $\frac{1}{5}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

15 બકુલભાઈ પાસેથી $\frac{1}{6}$ ભાગનો માલ પરત મળ્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે આપી.

22 રાજકોટના રામેશ્વર સ્ટોર્સમાંથી ₹ 60,000નું યંત્ર ખરીદ્યું. રકમ ચેકથી ચૂકવી આપી.

30 ટેલિફોન બિલના ₹ 8000 ચેકથી ચૂકવ્યા.

**(8) નીચેના વ્યવહારો પરથી વડોદરાના શ્રી હસમુખભાઈના ચોપડે આમનોંધ લખો :**

શ્રી હસમુખભાઈના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. આ વસેક દરની રકમ નીચેના વ્યવહારોમાં સમાયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| **વસેકની વિગત** | **વસ્તુ પર** | **સેવા પર** |
|---|---|---|
| કેન્દ્રિય વસેક : CGST | 6 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 6 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 12 % | 5.0 % |

2019

ઑગસ્ટ 1 જામનગરના જ્યોતિન્દ્રભાઈ પાસેથી ₹ 40,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. નાણાં ચેકથી ચૂકવ્યાં.

3 ભટિંડા (પંજાબ)ના મનીન્દરસિંઘ પાસેથી ₹ 60,000નો માલ 5 % રોકડ વટાવે ખરીદ્યો.

6 નવસારીના નવીનચંદ્રને ₹ 90,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

8 ₹ 9000 દલાલીના ચૂકવ્યા.

10 ભૂજના મોડર્ન મશીન્સ કંપની પાસેથી ₹ 1,00,000 નું યંત્ર ખરીદ્યું.

15 મનીન્દરસિંઘને ₹ 15,000નો માલ પરત કર્યો. પ્રમાણસર વસેક મજરે મળી.

18 દિલ્લીના દેવેન્દ્રકપુરને ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો. બદલામાં ચેક મળ્યો.

20 નવીનચંદ્રએ ₹ 30,000નો માલ પરત કર્યો. પ્રમાણસર વસેક મજરે મળી.

**(9) નીચેના વ્યવહારો પરથી રાજકોટના શ્રી પ્રણવ પટેલના ચોપડે આમનોંધ લખો :**

શ્રી પ્રણવભાઈના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. આ વસેક દરની રકમ નીચેના વ્યવહારોમાં સમાયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| **વસેકની વિગત** | **વસ્તુ પર** | **સેવા પર** |
|---|---|---|
| કેન્દ્રિય વસેક : CGST | 6 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 6 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 12 % | 5.0 % |

2018

ડિસેમ્બર 1 ભાવનગરના મનુભાઈ પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. રકમ ચેકથી ચૂકવી.

3 પૂણે (મહારાષ્ટ્ર)ના પ્રકાશચંદ્ર પાસેથી ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

5 અમદાવાદના અરવિંદભાઈને ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

8 કોચી (કેરળ)ના કમલેશભાઈને ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો. બદલામાં ચેક મળ્યો.

15 પ્રકાશચંદ્રને $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

20 અરવિંદભાઈએ $\frac{1}{3}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

25 અમરેલીના શિવમ ફર્નિચર માર્ટમાંથી ₹ 10,000નું કબાટ ઑફિસ માટે ખરીદ્યું.

28 દુકાનભાડું ₹ 4000 ચૂકવ્યું.